
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં સૌથીવધુ ભાડૂઆતો બે રૂમના મકાનમાં વસ્યા છે !

ગાંધીનગરના દર હજાર પરિવારે ૧૪૫ પરિવારો ભાડાના મકાનમાં રહે છે. અલબત્ત ગુજરાતની સરખામણીએ ગાંધીનગરની સ્થિતિ આ અંગે સારી છે. ગાંધીનગરના કુલ ૨,૮૭,૨૦૦ પરિવારો પૈકી ૪૧ હજાર ૯૦૨ પરિવારો ભાજૂઆત તરીકે રહે છે. જ્યારે ગુજરાતમાં ૧૬,૪૯,૬૩૬ પરિવારો ભાડાના મકાનમાં રહે ચે જે કુલ પરિવારોની ૧૩.૫૪ ટકા જેટલી ટકાવારી થાય છે. ટકાવારી મુજબ ગુજરાતમાં દર હજારે ૧૩૫ પરિવારો ભાડૂઆત છે એમ કહી શકાય.

ગાંધીનગર જિલ્લાના સમગ્ર આંકડાઓ ભાડાના મકાનના સંદર્ભે ચકાસણીએ તો એમ સ્પષ્ટ થાય છે કે, સૌથી વધુ ભાડુઆતો બે રૂમ ધરાવતા મકાનમાં વસે છે. કુલ ૧૭,૬૩૬ પરિવારો (૪૩ ટકા) બે રૂમની સુવિધા ધરાવતા મકાનમાં રહે છે. એ પછીના ક્રમે એક રૂમની




**જિલ્લામાં દર ચારે ત્રણ ભાડૂઆતો એક કે બે રૂમના મકાનમાં**

સુવિધા ધરાવતા મકાનમા ંરહેતા પરિવારોની સંખ્યા ૧૩,૮૨૬ (૩૩ ટકા) છે. ગાંધીનગરના ભાડાના મકાનમાં રહેતા પરિવારો પૈકી ૭૫ ટકા પરિવારો એક અને બે રૂમવાળા મકાનમાં રહે છે. એમ અહીં સ્પષ્ટ થાય છે. એ પચી ત્રીજા ક્રમે ત્રણ રૂમના ભાડાના મકાનમાં રહેતા પરિવારોનો આવે છે. ૮૦૩૯ પરિવારો ત્રણ રૂમના મકાન ભાડુઆત છે. ૭૬૨ પરિવારો એવા પણ છે કે, જેઓ અલાયદા ઓરડા વગરના મકાનમાં ભાડુઆત છે. ૧૬૩૯ પરિવારો એવા પણ છે કે જેઓ ભાડુઆત તો છે પરંતુ ચાર - પાંચ - છ કે છથી વધુ રૂમની સાહ્યબીવાળા મકાનમાં ભાડુઆત છે. ગાંધીનગરના આ આંકડા જો કે ગાંધીનગર શહેરમાં આવેલા ઉચ્ચ અધિકારીઓ, મંત્રીશ્રીઓના સરકારી ભાડાના મકાનોના (ક્વાર્ટર) કારણે પણ હોઈ શકે છે. ભાડાના મકાનોમાં રૂમની સુવિધા ક્યાં વધુ છે અથવા તો ક્યાં ઓછી છે ? એની જાણકારી તો શહેરની ધ્યાનમાં લેતા પણ સમજાય એવી છે, ગાંધીનગર શહેરમાં જે સરકારી ક્વાટર્સ આવેલા છે એમાં ચ-ટાઈપ, છ-ટાઈપ, જ-ટાઈપ અને કેટેગરી - ૧ -૨ -૩ના ક્વાટર્સ જ સૌથી વધુ છે એટલે આ હકિકત આંકડાઓમાં પણ વ્યક્ત થાય છે. તો સૌથી ઓછા મકાનો ક, ખ, ગ ટાઈપના મકાનો છે. જેનું પ્રમાણ આંકડાઓમાં પણ ઓછુ જોવા મળે છે. આંકડાઓની સચ્ચાઈ અથવા તો ખરાઈ માટે ગાંધીનગરના સરકારી ક્વાટર્સની ગણતરીને ધ્યાનમાં રાખવાનું કારણ એક ઉદાહરણ સમજાવવા માટેનું છે જે જ બાબત આપણે દરેક પરિવારની 'મારે પણ એક ઘર હોય, ઘરનું ઘર હોય'ની ઉક્તિને આધારે પણ સમજી શકીએ.

જેમ કે ગાંધીનગરની જે મૂળ ઓળખ હતી એ સરકારી કાવટર્સના નગરમાંથી છેલ્લા ૨૦-૨૨ વર્ષથી બદલાવાની શરૂઆત થઈ. સરકારી કર્મચારીઓને સરકારે રાહત દરે પ્લોટ ફાળવ્યા એ પછી નગરીકરણના પરિણામે આસપાસના વિસ્તારો પણ 'ગુડા' હેઠળ વિકાસ પામ્યા. કુડાસણ, સરગાસણ, વાવોલ, હડમતિયા, પેથાપુર

● અનુસંધાન પાન-૭ પર

# મતદાર સુધારણા ઝુંબેશના સઘન અભિયાનમાં સાત હજાર અરજી મળી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશના સઘન અભિયાનના બીજા તબક્કામાં સાત હજાર જેટલી અરજીઓ ફોર્મ-૬, ૭ અને ૮ની મળી છે.

આજે સવારથી જ બુથો પર આ સઘન અભિયાનનો આરંભ થયો હતો. જિલ્લાના ચૂંટણી અધિકારીઓ સહિતના અધિકારીઓએ બુથો પર મુલાકાત લીધી હતી.

નવા મતદારોની નોંધણી માટે વધુ અરજીઓ મળી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ઉપરાંત સરનામામાં ફેરફાર અને સ્થળાંતરની અરજીઓ પણ સારી એવી સંખ્યામાં મળી હોવાનું સૂત્રોમાંથી જણાવ્યું છે.

૧૪મી ઓક્ટોબરના રોજ મતદાર યાદી સુધારણા ઝુંબેશ સંપન્ન થઈ રહી છે. હવે છેલ્લો તબક્કો સઘન ઝુંબેશ અભિયાનનો સાતમી ઓક્ટોબરના રોજ યોજાશે. તેમ પણ જિલ્લા તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મતદારી યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન ૨૦ હજારથી વધુ નવા મતદારોની નોંધણી થશે તેવા અંદાજ છે. પ્રથમ તબક્કાની સઘન ઝુંબેશ દરમિયાન ૬ હજાર જેટલી અરજીઓ મળી હતી. આજે બીજા તબક્કામાં ૭ હજાર જેટલી અરજીઓ મળી છે.

મતદાર નોંધણી ઝુંબેશ આગામી લોકસભાની ચૂંટણીને લક્ષમાં રાખી આ મહત્વની હોઈ રાજકીય પક્ષો પણ સારા એવા સક્રિય થયા છે. નવી મતદાર યાદીની પ્રસિદ્ધિ જાન્યુઆરી-૧૯ના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવશે.

# સે.૬ના ૬૫ વર્ષીય વૃદ્ધ સ્વાઈન ફલુની ઝટપમાં

## સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ એક સ્વાઈન ફલુનો કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસીનો સંખ્યા પાંચ પર પહોંચી છે.

સેક્ટર-૬માંથી આજે સ્વાઈન ફલુનો એક કેસ મળી આવેલ છે. ૬૫ વર્ષીય વૃદ્ધને સ્વાઈન પ્લુ પોઝીટીવ જણાયેલ છે અને તેમને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરી આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દર્દીના રહેઠાણ અને તેની આસપાસના ઘરોમાં તંત્રની ટીમ દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે અન્ય કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નહિ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં પાંચ કેસ સ્વાઈન ફલુના નવા સેક્ટરોમાંથી જ મળી રહ્યા છે અને છૂટા છવાયા કેસો મળતા તંત્રની દોડધામ વધી જવા પામી છે.

વાહક જન્ય રોગચાળાના કેસો પણ નવા સેક્ટરોમાંથી જ મળી રહ્યા હોવાથી તંત્રએ નવા સેક્ટરો ૧ થી ૧૦માં સર્વેલન્સને વધુ સઘન બનાવવાના આદેશો પણ જારી કર્યા છે. નવા સેક્ટરોમાંથી સ્વાઈન ફલુના છુટા છવાયા કેસો જે રીતે મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો જરૂર કર્યો છે. જો કે શહેરી આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે સમયસર સારવારને કારણે હજુ સુધી સ્વાઈન ફલુથી કોઈનું મૃત્યુ થયું નથી. ૩ દર્દીઓ સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવી છે.

## કસ્તુરીનગર (ઈફકો)માંથી સ્વાઈન ફલુના બે કેસ મળ્યા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના કસ્તુરીનગર (ઈફકો)માંથી બે સ્વાઈન ફલુના કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૨૦ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે એક મહિલા અને એક પુરુષ દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો છે. જે હાલ સારવાર હેઠળ છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધતા તંત્રમાં દોડધામ વધુ જવા પામી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૨૦ કેસોમાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

જિલ્લામાં સ્વાઈન ફલુથી ૬ દર્દીના મોત નીપજ્યા છે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને દર્દીને સમયસર સારવાર મળે તેના પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

# પ્રદેશ નીરીક્ષકો અને ધારાસભ્યોની 'ઘેર'-હાજરી વચ્ચે કોંગ્રેસ કારોબારી મળી

## નવા સંગઠનમાં કામ કરતા કાર્યકરોને સ્થાન મળશે : ૫૦ ટકાથી વધુ હોદ્દેદારો કામ જ કરતા નહિ હોવાનું તેમજ બેઠકમાં પણ હાજર નહિ રહેતા હોવાનો જિલ્લા પ્રમુખનો એકરાર




ગાંધીનગર, તા.૩૦

પ્રદેશ નિરીક્ષકો અને ધારાસભ્યોની ગેરહાજરી વચ્ચે આજે જિલ્લા કોંગ્રેસની કારોબારી સમિતિની બેઠક મળી હતી. જેમાં ૨જી ઓક્ટોબરથી શરૂ થનારા જનસંપર્ક અભિયાન સહિતના વિવિધ કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી હતી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં મળેલ કોંગ્રેસની કારોબારીમાં નિષ્ક્રિય હોદ્દેદારોને બહારનો રસ્તો બતાવી નવી નિમણુંકો સંગઠનના માળખામાં કરવાની મહત્વની જાહેરાત પણ કરાઈ હતી.

આજની આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન રા. પટેલ તેમજ પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનો અને અન્ય હોદ્દેદારોએ હાજરી આપી હતી.

જિલ્લા પ્રમુખે સંગઠનની નવી રચનાના સંકેતો

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુર નગરપાલિકામાં સત્તા મેળવવા આજે કોંગ્રેસ વધુ એક ત્રિકોણીય જંગ લડશે

ગાંધીનગર, તા.૩૦

પેથાપુર નગરપાલિકામાં સત્તા પર કબ્જો મેળવવા આજે કોંગ્રેસ વધુ એકવાર ત્રિકોણીય જંગ ખેલશે. તાજેતરમાં પેટા ચૂંટણીમાં ત્રિકોણીય તંગ જીત્યા બાદ નગરપતિના હોદ્દા માટે જે રીતે રાતોરાત નોટીફીકેશનમાં બદલાવ થયો તેને લઈ આજે વધુ એક વખત કોંગ્રેસ ત્રિકોણીય જંગ ખેલશે.

રાજ્યની વડી આદાલતમાં સવારે કાનુની સુનાવણીનો જંગ ખેલાશે. આ પછી સાંજે ચાર વાગે કોંગ્રેસના કાર્યકરો નગરપાલિકા સામે દેખાવો યોજી વિરોધ પ્રદર્શન કરશે અને સાંજે નગરપાલિકાના હોદ્દેદારોની ચૂંટણીનો જંગ ખેલશે.

નગરપાલિકાની આજે સાંજે સામાન્ય સભા બોલાવવામાં આવી છે. અને તેમાં નવા હોદ્દેદારોની નિયુક્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કોંગ્રેસ પક્ષે આ બેઠકમાં હાજરી આપવી કે નહિ તે સ્થાનિક નેતાઓ સાથે બેઠક કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે તેમજ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

એક એવી પણ વાત જાણવા મળી છે કે, સામાન્ય સભા બોલાવવા માટે ત્રણ દિવસનો સમય આપવાની જોગવાઈનો પણ ભંગ કરવામાં આવ્યો હોવાથી કોંગ્રેસમાં આક્રોશ ચરમસીમાએ પહોંચ્યે છે. આ મુદ્દે આજે રાજ્યની વડી અદાવતમાં પણ રજૂઆત કરવામાં આવનાર હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



આવો તો રમીએ રે... - ગુજરાતની પરંપરાગત ઓળખ સમા પર્વ નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બાળકોથી લઈ યુવાનોમાં ભારે થનગાટ જોવા મળી રહ્યો છે... આ વખતે ખેલૈયાઓ નવરાત્રીના અવનવા સ્ટેપ્સ અને સ્ટાઈલમાં ગરબાની તૈયારીમાં લાગી ગયા છે...

# મધુર ડેરી ધણપ પાસે વાયબ્રન્ટ અંતર્ગત ૧૦૦ કરોડનું રોકાણ કરશે : શંકરસિંહ રાણા

## પશુપાલકોના હિતમાં આજે પણ ફેટના ભાવમાં 'મધુરે' કોઈ ઘટાડો કર્યો નથી

ગાંધીનગર, તા.૩૦

આગામી વાયબ્રન્ટ-૨૦૧૭ અને આર.કે. વાય અંતર્ગત મધુર ડેરી દ્વારા રૂ. ૧૦૦ કરોડનું રોકાણ ધણપ નજીક ઓર્ગેનીક ફુડ પ્રોજેક્ટ અને ડેરીના પ્રોસેસીંગ પ્લાન્ટ માટે કરશે તેમ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ આજે ૪૮મી સાધારણ સભાને સંબોધતા વાત કરી હતી.

તેમણે સભાસદોને જણાવ્યું હતું કે, વિઝન ૨૦૨૦ અંતર્ગત ડેરીનું હાલનું વાર્ષિક ટર્નઓવર જે ૪૫૦ કરોડ રૂપિયા છે તે વધારીને એક હજાર કરોડ કરવાનો લક્ષ્યાંક છે. ડૉ. રાણાએ જણાવ્યું હતું કે, ધણપ ખાતે ડેરીની જગ્યામાં ૨૦ કરોડના ખર્ચે ઓર્ગેનિક શાકભાજીના કાપણી તેમજ ફ્રોઝન કરેલા પેકીંગ પ્રોજેકટને આર.કે.વાય. અંતર્ગત મંજુરી ગઈકાલે જ મળી છે. આ પ્રોજેકટના અમલીકરણમાં હવે ઝડપથી આગળ વધવામાં આવશે.

તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૦માં મધુર ડેરીની સ્થાપનાની સુવર્ણ જયંતિ પર્વ છે. આ પર્વની ઉજવણી નિમિત્તે 'ગુણવત્તાયુક્ત ગાંધીનગર'ના અભિયાન દ્વારા વાયબ્રન્ટ ગુજરાત હેઠળ મધુર ડેરી દ્વારા ઉત્પાદકો અને ગ્રાહકોને જોડવા અનેકવિધ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવનાર છે. આ સભામાં મિલ્ક શેડ જે રાજ્ય સરકારે નિયત




● અનુસંધાન પાન-૭ પર

## નવરાત્રિ પર્વથી મધુર મિનરલ વૉટર બજારમાં પ્રવેશ કરશે : ડૉ. શંકરસિંહ રાણા

### ૮ પી.એચ. ધરાવતુ અને બી-૧૨ વિટામીનથી ભરપૂર પાણી અન્ય પાણી ઉત્પાદકો કરતાં સસ્તુ હશે

ગાંધીનગર, તા.૩૦

આગામી નવરાત્રિ પર્વનાં પ્રથમ દિવસે જ મધુર ડેરી દ્વારા મધુર મિનરલ વૉટર બજારમાં મુકવામાં આવશે તેવી જાહેરાત ડેરીના ચેરમેન શંકરસિંહજી રાણાએ આજે પત્રકાર પરિષદમાં કરી હતી.

તેમણે આ જાહેરત કરતાં જણાવ્યું હતું કે આ મિનરલ વૉટરમાં બજારમાં ૧ થી ૩ રૂ. સુધીનું અન્ય ઉત્પાદકોના વેચાણ ભાવ કરતાં સસ્તુ હશે. તેમણે એમ પણ કહ્યું હતું કે એક વર્ષના ગાળામાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં દૈનિક ૧ લાખ લીટર પાણીના વેચાણનો હાલ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

ડૉ. રાણાએ કહ્યું હતું કે 'ગુણવત્તાયુકત ગાંધીનગર' અભિયાનના ભાગરૂપે ગાંધીનગરની જનતાને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે અને એ પણ બી-૧૨ વિટામીનથી ભરપૂર મિનરલ વૉટર મળે તે હેતુ છે. આ માટે દદોલા તા.જિ. ગાંધીનગર ખાતે અદ્યતન પ્લાન્ટ પણ નાંખવામાં આવ્યો છે.

ડૉ. રાણાએ દાવો કર્યો હતો કે ૮૦૦ થી ૯૦૦ ટી.ડી.એસ.ને ઘટાડીને ૮૦ થી ૯૦ ટી.ડી.એસ. તેમજ હાલ બજારમાં વેચાતા ૬ થી ૭ પી.એચ. ધરાવતા પાણીના પ્રોડકટસ મળે છે તેને બદલે મધુરનું મિનરલ વૉટર ૮ પી.એચ. લેવલ ધરાવે છે.

તેમણે કહ્યું હતું કે ૨૦૦ મી.લી., ૫૦૦ મી.લી., ૧ લીટર, ૨૦ લીટર જેવા જુદા જુદા પેકિંગમાં આ વૉટર ઉપલબ્ધ બનશે. નવરાત્રિના પાવન પર્વથી તે તમામ મધુરના આઉટલેટ પર અને અન્ય જગ્યાએ પણ ઉપલબ્ધ બનશે. આજથી જ આ પ્લાન્ટ કાર્યાન્વીત કરી દેવામાં આવ્યો છે અને અમને ઓર્ડર મળવાનો પ્રારંભ પણ થઈ ગયો હોવાનો દાવો આ પત્રકાર પરિષદમાં તેમણે કર્યો હતો.

ડૉ. રાણાએ જણાવ્યું હતું કે પાણીને બજારમાં મુકયા પછી અમે આગામી દિવસોમાં ઓર્ગેનિક શાકભાજીના પ્રોડકટસ સાથે બજારમાં પ્રવેશ કરવા માટેનો રોડમેપ તૈયાર કરી લીધો છે. આ અંગે પણ ટુંકમાં જ તેની વિગતો સાથે બહાર આવીશું.

તેમણે એવો દાવો કર્યો હતો કે 'ગુણવત્તા'નું પર્યાય બનેલ 'મધુર' બ્રાન્ડ એ ગાંધીનગરનું એક આગવું નજરાણું પાટનગરવાસીઓ માટે બની રહ્યું છે તેમાં કોઈ શંકા નથી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com